# જાહેરાત

## મહીસાગર જિલ્લામા પીએમ પોષણ યોજના (મ.ભો.યો) હેઠળ ૧૧ માસની કરાર આધારીત જગ્યા ભરવાની જાહેરાત

યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી જિલ્લા કક્ષાની તેમજ તાલુકા કક્ષાની કચેરીઓમાં ૧૧ માસના કરાર આધારીત ભરતી માટે નીચે મુજબની જગ્યાઓ માટે અરજી આવકાર્ય છે.

| ક્રમ | જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | અનુભવ | માસિક મહેનતાણું |
|---|---|---|---|---|
| ૧ | જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર (જગ્યાની સંખ્યા- ૦૧) | (૧) માન્ય યુનિવર્સિટીમાંથી ૫૦% ગુણાંકન સાથેની સ્નાતકની પદવી.<br>(૨) સરકાર માન્ય સંસ્થામાંથી સી.સી.સી.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ, તેમજ ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઇને કરવામાં આવશે.<br>(૩) માન્ય યુનિવર્સિટીમાંથી એમ.સી.એ.ની ડીગ્રી (MCA) ધરાવતા ઉમેદવાર | (૧) ડેટા એન્ટ્રી ઓપરેટર તરીકેનો ઓછામાં ઓછો ૨ વર્ષનો અનુભવ<br>(૨) ડી.ટી.પી. ઓપરેટર તરીકેનો અનુભવ ધરાવનારને અગ્રીમતા<br>(૩) આસિસ્ટન્ટ તરીકેનો વહીવટી અનુભવ ધરાવનારને અગ્રીમતા.<br>(૪) પીએમ પોષણ યોજના (મ.ભો.યો.)નો અનુભવ ધરાવતા હોય તેમને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે. | રૂા. ૧૫,૦૦૦/- (ફિક્સ) |
| ૨ | તાલુકા કક્ષાએ તાલુકા એમ.ડી.એમ. સુપરવાઇઝર (જગ્યાની સંખ્યા - ૦૩) | (૧) માન્ય યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ ઈન હોમસાયન્સ/ફૂડ એન્ડ ન્યુટ્રીશન ડીગ્રી/ સાયન્સની ડીગ્રી<br>(૨) ઉમેદવારના કોમ્પ્યુટરના જ્ઞાનની ચકાસણી પ્રેકટીકલ ટેસ્ટ લઇને કરવામાં આવશે. | (૧) ૨ થી ૩ વર્ષનો વહીવટી કામગીરીનો અનુભવ<br>(૨) પીએમ પોષણ યોજના (મ.ભો.યો.)નો અનુભવ ધરાવતા હોય તેમને પ્રથમ અગ્રીમતા આપવામાં આવશે. | રૂા. ૨૫,૦૦૦/- (ફિક્સ) |

- પીએમ પોષણ યોજના (મ.ભો.યો) માં જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર અને તાલુકા કક્ષાએ તાલુકા એમ.ડી.એમ. સુપરવાઇઝરની ૧૧ માસના કરાર આધારીત ભરતી માટે પસંદગી કરવા માટે યોગ્ય લાયકાતો અને પુરતો અનુભવ ધરાવતા ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.
- અરજી ફોર્મ (નિમણૂંક માટેની લાયકાત અને શરતો) જિલ્લા પુરવઠા અધિકારી, પીએમ પોષણ યોજના (મ.ભો.યો) મહીસાગરની કચેરીમાંથી મેળવી શકાશે.
- નિયત નમુનામાં જાહેરાત પ્રસિધ્ધ થયાના ૧૦ દિવસમાં કચેરી દરમ્યાન જિલ્લા પુરવઠા અધિકારી, પીએમ પોષણ યોજના (મ.ભો.યો), મહીસાગર (રૂમ નં.૨૦૯, બીજો માળ, જિલ્લા સેવા સદન, મહીસાગર - લુણાવાડા) ની કચેરીમાં અરજી રૂબરૂમાં, સાદી ટપાલથી કે રજીસ્ટર પોસ્ટ એ.ડી./સ્પીડ પોસ્ટથી મોકલી આપવાની રહેશે. નિયત સમય બાદ મળેલ અરજીઓ માન્ય ગણાશે નહિ.
- અરજી કરતા પહેલા ઉમેદવારે આ જગ્યાઓ માટેની આવશ્યક લાયકાત,વય મર્યાદા ,અનુભવ, નિમણુંકનો પ્રકાર અને મહેતાણાં અંગેની સુચનાઓ / માર્ગદર્શિકા પહેલા વાંચી લેવી.
- આ જગ્યાઓ અંગેની પસંદગી જિલ્લા પુરવઠા અધિકારી, પીએમ પોષણ યોજના (મ.ભો.યો) ની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવશે. મેરીટમાં અગ્રતા મેળવેલ ઉમેદવારોનો ઈન્ટરવ્યું /પ્રમાણપત્રોની ચકાસણી માટે જિલ્લા પુરવઠા અધિકારી, પીએમ પોષણ યોજના (મ.ભો.યો) મહીસાગર ધ્વારા લેખિત /ઈ -મેઈલ ધ્વારા જણાવવામાં આવશે.
- ઉપરની તમામ જગ્યાઓ માટેની વય મર્યાદા અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષથી ઓછી કે ૫૮ વર્ષથી વધુ ન હોવી જોઇએ. કોઈપણ પરિસ્થિતિમાં આખરી નિર્ણય જિલ્લા કક્ષા કમિટીનો ગણાશે.

અધ્યક્ષ
જિલ્લા કક્ષા ભરતી સમિતિ
અને કલેકટર, મહીસાગર

(માહિતી-ગોધરા-૬૭૦-૨૫)

SANDESH 19•01•2025